**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૮૩ ટકા

# શહેરમાં ભાજપ ઉજવશે નરેન્દ્ર મોદીનો જન્મદિવસ

## પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસના ઉપલક્ષ્યમાં શીર્ષસ્થ નેતૃત્વના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા 'સેવા અને સમર્પણ અભિયાન' અંતર્ગત ૧૭ સપ્ટેમ્બર થી ૭ ઓક્ટોબર સુધી વિવિધ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, દેશના લોકલાડીલા પ્રધાનમંત્રી અને ગુજરાતની ધરતીના પનોતા પુત્ર આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન ૧૭ સપ્ટેમ્બર નિમિત્તે તેમજ ૨૦૦૧ થી ૨૦૨૧ સુધી તેમના ગુજરાતના મુખ્યમંત્રી અને દેશના પ્રધાનમંત્રી તરીકે તેમના રાજકીય જીવનના ૨૦ યશસ્વી વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજીના સૂચન તેમજ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટની આગેવાનીમાં મહાનગર ભાજપા દ્વારા 'સેવા અને સમર્પણ અભિયાન' અંતર્ગત ૧૭ સપ્ટેમ્બર થી ૭ ઓક્ટોબર સુધી વિવિધ કાર્યક્રમો યોજાશે.

આ અભિયાન અંતર્ગત મહાનગરના તમામ ૧૧ વોર્ડમાં ભાજપા સંગઠન દ્વારા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવતા પોસ્ટકાર્ડ લખાણ, કેન્દ્રની ભાજપા સરકારની લોકકલ્યાણકારી કામગીરી અને જનહિતની અનેક યોજનાઓની માહિતી આંગળીના ટેરવે મેળવવા 'નમો એપ



ડાઉનલોડ અભિયાન', રાષ્ટ્રનિર્માણના ભાવ સાથે સેવાકાર્ય સંકલ્પ, ધાર્મિક કાર્યક્રમો-ભગવાન શ્રી રામની આરતી, પર્યાવરણના જતન અંગે જનજાગૃતિ, નોન ડીગ્રેડબલ પ્લાસ્ટિકનો ઉપયોગ અટકાવવા અંગે જાગૃતિ, નદી, તળાવ સફાઈ, વૃક્ષારોપણ, ચિકિત્સા શિબિર(મેડિકલ કેમ્પ), મોટા પાયે રસીકરણ ઝુંબેશ, જરૂરિયાતમંદ દર્દીઓને તથા વિધવા બહેનોને સહાય, વૃદ્ધાશ્રમ તેમજ ગરીબ બાળ દર્દીઓને ફળફળાદી વિતરણ, દિવ્યાંગોને સહાયતા, જરૂરિયાતમંદોને રાશન કીટનું વિતરણ દ્વારા સેવા અને સમર્પણ અભિયાન અંતર્ગત સેવા અને જનજાગૃતિના ભાવ સાથે સમર્પણના ભાવ સાથે અભિયાનને અસરકારક બનાવવા માટે મહાનગર ભાજપાનું સંગઠન જોતરાશે. આ ઉપરાંત ૨૫ સપ્ટેમ્બરના રોજ પંડિત દિનદયાલ ઉપાધ્યાયજીની જન્મજયંતી અને ૨ ઓક્ટોબર ગાંધી જયંતીના ઉપલક્ષ્યમાં વિવિધ સેવા કાર્યો વ્યાપકપણે યોજવામાં આવશે.

આવતીકાલે સ્વામિનારાયણ મંદિર હોલ, સે-૨ ખાતે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવનવૃતાંત આધારિત માહિતીસભર પ્રદર્શની બપોરે ૧૨.૩૦ કલાકે ખુલ્લી મુકવામાં આવશે જે આગામી ૫ દિવસ સુધી નિહાળી શકાશે. સેવા અને સમર્પણ અભિયાન અંતર્ગત આવતીકાલે મહાનગર ભાજપા દ્વારા ૧૧ સ્થળોએ બપોરે ૨.૦૦ કલાકે મેડિકલ કેમ્પ યોજી મહિલાઓને સર્વાઈકલ કેન્સરના આગોતરા નિદાન માટેનો PAP-Smear Test વિનામુલ્યે (સ્થળ દીઠ ૫૦ મહિલાઓ) કરી આપવામાં આવશે તેમજ સ્વામીનારાયણ મંદિર સેક્ટર-૨ ખાતે બાળ તંદુરસ્ત હરીફાઈ બપોરે ૨.૦૦ કલાકે યોજાશે. આ ઉપરાંત નીલકંઠ વિલા, પેથાપુર ખાતે સવારે ૮.૦૦ કલાકે મહાનગર ભાજપા દ્વારા પ્રધાનમંત્રીશ્રીના જન્મદિન નિમિત્તો તેમના આરોગ્યપ્રદ દીર્ઘાયુ માટે નવચંડી યજ્ઞ કરવામાં આવશે.

## સે.૨૨ના શ્રી સાર્વજનિક ગણેશોત્સવનું ગણપતિ વિસર્જન સાથે સમાપન



સે.૨૨ના શ્રી સાર્વજનિક ગણેશોત્સવમાં સતત હર્ષ ઉલ્લાસભર્યા ઓનલાઈન કાર્યક્રમો બાદ ગુરુવારના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે આયોજન સમિતિએ શ્રી ગણેશજી ભાગવાનની પૂજા આરતી કરી હતી. સમિતિના અધ્યક્ષ નિશિત વ્યાસ, શૈલેન્દ્રસિંહ બિહોલા, યુવરાસિંહ રાણા, વર્ષાબેન પારેખ, હિરલબેન જોષી, મીતુલભાઈ જોષી, વૈભવભાઈ જાની, મુકેશભાઈ મારુ અને સમિતિનાં અન્ય સભ્યો દ્વારા વાજતે ગાજતે ગણપતિનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

## સી.એમ. હાઈસ્કૂલમાં થ્રીડી પ્રિન્ટીંગ સંદર્ભે સેમિનાર યોજાયો



ગાંધીનગર, તા.૧૬

શેઠ સી.એમ. હાઈસ્કૂલ ખાતે અટલ ટિંકરીંગ લેબ ખાતે થ્રીડી ટેકનોલોજી તથા તેનું પ્રિન્ટીંગ બાબતે એક સેમિનારનું આયોજન કર્યું હતું. જેમાં સુરત આઈ.આઈ.ટી. ખાતે અભ્યાસ કરતા જીનલ પટેલ તથા બે સાથી વિદ્યાર્થી દ્વારા થ્રી-ડી ટેકનોલોજી વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં ધોરણ-૯બીના વિદ્યાર્થીઓ તેમજ શાળાના આચાર્ય ડૉ.ચેતના બુચ, સુપરવાઈઝર કનુભાઈ પટેલ તથા વિજ્ઞાન શિક્ષકો સરોજબેન પ્રજાપતિ અને અન્ય શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## આજે મધુર ડેરી દ્વારા વિવિધ સ્થળોએ વૃક્ષારોપણ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૬


ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી, મધુર ડેરી દ્વારા ભારત દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ નિમિત્તે આવતીકાલ તા. ૧૭મી સપ્ટેમ્બરના રોજ સંઘ આયોજિત વિવિધ દૂધ મંડળીઓ ટીંટોડા(મ) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., ચેખલારણી દૂધ ઉ.સ.મં.લી, તારાપુર કાકાનું દૂધ ઉ.સ.મં.લી, સાદરા દૂધ ઉ.સ.મં.લી. તથા અન્ય દૂધ મંડળીઓ પર તેમજ દશેલા ખાતે મધુર ડેરીના નવિન ડેરી પ્લાન્ટના કેમ્પસમાં વૃક્ષારોપણનો ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. દૂધ સંઘના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા મધુરના અધિકારીઓ/સ્ટાફ, વિવિધ દૂધ મંડળીના પ્રમુખ/મંત્રીશ્રીઓ તથા મધુર પરિવારના હસ્તે વૃક્ષારોપણ થશે જેમાં મોટી સંખ્યામાં દૂધ ઉત્પાદક હાજર રહેશે.

## વાવોલ ખાતે ભાજપા મહિલા મોરચા દ્વારા આરતી સુશોભન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર મહાનગર ભાજપા મહિલા મોરચા દ્વારા વોર્ડ નં.-૭, વાવોલ ખાતે આરતી સુશોભન તથા મોદક સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્થાનિક બહેનો ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે ગાંધીનગર મહાનગર મહિલા મોરચા પ્રમુખ પ્રિયાબેન પટેલ, ભાજપા ઉમેદવારશ્રીઓ, પ્રદેશ મહિલા મોરચા આમંત્રીત સભ્યશ્રી પરમજીત કૌર છાબડા, મહાનગર મહિલા મોરચા મહામંત્રીશ્રી વર્ષાબેન શુક્લ અને હર્ષાબા ધાંધલ, ઉપપ્રમુખશ્રી ઉર્મિલાબેન, એસટી મોર્ચા પ્રમુખશ્રી આરતીબેન, વોર્ડ મહિલા મોરચા ટીમ હાજર રહ્યાં. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પરમજીત કૌર છાબડાએ સેવા આપી. સ્પર્ધામાં ભાગ લીધેલ બહેનોને ઉમેદવારશ્રીઓ તરફથી પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા.

## વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં 'પેટ ડે'ની ઉજવણી




ગાંધીનગર, તા.૧૬

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં 'પેટ ડે'ની ઉજવણી કરી હતી. નાનકડા ભૂલકાંઓ પાલતુ પ્રાણીઓ પ્રત્યે કાળજી લે તથા તેમના પ્રત્યે પ્રેમ દાખવે તે હેતુથી શાળા દ્વારા આ દિવસ ઉજવાયો હતો. બાળકોને ગાય, ભેંસ, કુતરા, બિલાડી જેવા પાલતુ પ્રાણીઓ તથા તેમના અવાજો વગેરે બનાવવામાં આવ્યા હતા. શિક્ષકોએ પાલતુ પ્રાણીઓ વિશે બાળકોને માર્ગદર્શન આપી 'પેટ ડે'ની ઉજવણી કરી હતી.

## કોંગ્રેસ ઉમેદવારો દ્વારા વોર્ડ નં.૫માં ડોર ટુ ડોર પ્રચાર



ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી નિમિત્તે વોર્ડ નં.૫ના કોંગ્રેસના ઉમેદવારોએ ડોર ટુ ડોર પ્રચાર કર્યો હતો. જેમાં સેકટર-૨૨ની મુલાકાત લીધી હતી. કોંગ્રેસના ઉમેદવારો ગોહિલ બ્રિજરાજસિંહ ગંભીરસિંહ, પટેલ અરવિંદભાઈ પરષોત્તમભાઈ, પુરોહિત વૃંદાકુમારી અખિલેશભાઈ, પરમાર હેમલતાબેન કૈલાશચંદ્ર ઉપસ્થિત રહ્યા હતા.

## આર.એન. પટેલ સ્કૂલમાં હિન્દી દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૧૬

આર.એન. પટેલ સ્કૂલમાં હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓને હિન્દી દિવસનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ વકતવ્ય, શાયરી અને ગીત હિન્દીમાં રજૂ કર્યા હતા. આ પ્રવૃત્તિનું આયોજન અરુણાબેન અને મનિષાબેને કર્યું હતું.

## ભાજપ મહાનગરની અનુસૂચિત જનજાતિ મોરચાના હોદ્દેદારોની જાહેરાત કરાઈ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર મહાનગર ભાજપા પ્રમુખ ઋચિરભાઈ ભટ્ટ દ્વારા મહાનગરની અનુસૂચિત જનજાતિ મોરચાની ટીમની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ પદે આરતીબેન ભીલ, ઉપપ્રમુખ દિનેશભાઈ ભીલ, ડામોર હર્ષિલકુમાર રમણભાઈ, છાયાબેન ભીખાભાઈ ખરાડી, પાંડોર દીપજયાબેન નરસિંહભાઈ, મહામંત્રી પદે જયદેવ અજીતભાઈ પરમાર, રોહિત લક્ષ્મણભાઈ દામા, મંત્રી પદે બુવલ વિજયસિંહ હિરાભાઈ, દેવધા પ્રણવ મોહનભાઈ, તડવી વિગ્નેશ અશોકભાઈ, બરંડા મહેશ્વરીબેન સતેજભાઈ, ગૌદિયા અક્ષય મુકેશભાઈ, કોષાધ્યક્ષ પદે વસાવા વિશાલ રમેશભાઈ તથા કાર્યાલયમંત્રી પદે ભનાત નિલેશ અમૃતલાલની નિયુકિત કરવામાં આવી છે.

## વાવોલ કરાટે કલાસના બાળકોનો જિલ્લા કક્ષાએ વિજય



ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં એસ.પી. ઓફિસ સેકટર-૨૭ ખાતે વડોકાઈ કરાટે એકેડેમી દ્વારા જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાવોલ ખાતેના તાલીમ વર્ગના બાળકોનો ઉચ્ચ દેખાવ રહ્યો હતો. વાવોલ કરાટે કલાસના બાળકો જિલ્લા કક્ષાએ વિજયી થયા અને ૨ ગોલ્ડ, ૩ સિલ્વર, ૪ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા તે બદલ વડોકાઈ કરાટે એકેડેમીના ટેકનિકલ ડાયરેકટર શિહાન અરવિંદ રાણા અને કોચ સેનસાઈ દર્શન સુથારે અભિનંદન પાઠવ્યા હતા.

## સ્મિત મ્યુઝીક સ્ટુડિયો ખાતે ગણેશ સંગીતોત્સવ




સ્મિત મ્યુઝિક સ્ટુડીયો ખાતે ગણેશ સંગીતોત્સવ ઉજવાયો હતો. ગણેશ ચતુર્થી નિમિત્તે દરરોજ રાત્રે ૮ વાગે ફેસબુક ઉપર લાઈવ શૉ યોજાયો હતો. જેમાં યુવા તેમજ સિનિયર જુનિયર મળી કલાકારોમાં રિશીરાજ, ચેતન, રિઝવાન, મહેશસિંહ, હિમાંશુ પુરોહિત, અશરફખાન, શ્રવણભાઈ, મહેશભાઈ શાહ, નીરવ દવે, પ્રવીણભાઈ, અતુલ દવે, સંજય ગાવડે, રાજેન્દ્ર રાઠોડ, અતુલ દવે, ભરત વાણીયા, જશવંત જાદવ, પ્રકાશ ડોડીયા તેમજ ભરત ગજ્જર, જયોતિ ગજ્જર દરરોજ યુવા મસતાને અને મુરકી મસ્તાને ટાઈટલથી ગણેશ સંગીતોત્સવ ઉજવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયોતિ ગજ્જરે કર્યું હતું.

## કોંગ્રેસ કોર્પોરેટરોનો ડોર ટુ ડોર પ્રચાર




ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂટણીના પડઘમ વાગ્યા છે. તમામ રાજકીય પક્ષોએ તૈયારીઓ શરુ કરી દીધી છે. કોંગ્રેસ પાર્ટીના કોર્પોરેટરો દ્વારા કુડાસણ વિસ્તારની સોસાયટીઓમાં પ્રચાર અભિયાન દરમિયાન લોકસંપર્ક કર્યો હતો. જેમાં ઉર્પલ જોષી, રાજેશ પ્રજાપતિ, હિનાબેન પટેલ, વૈશાલીબેન પરીખ કોંગ્રેસ ઉમેદવાર વોર્ડ નં. ૯ ઉપસ્થિત રહ્યા હતા.

## રોટરી કલબ ઓફ કેપિટલની ડીજી ઓફિશિયલ વિઝીટ યોજાઈ

ગાંધીનગર, તા.૧૬




રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરની ડીસ્ટ્રીકટ ગર્વનરની ઓફિશયલ વિઝીટ યોજાઈ હતી. ડીસ્ટ્રીકટ ગર્વનર અશોક મંગલે ઉપસ્થિત રહીને રોટરી કલબ ઓફ કેપિટલ ગાંધીનગરના તમામ કાર્યોની ઝીણવટપૂર્વક નોંધ કરી હતી. સંસ્થા દ્વારા સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં લઈને સુંદર સેવાકીય કાર્યો કરવામાં આવે છે તે બદલ સંસ્થાના તમામ કાર્યોને વખાણ્યા હતા. આસીસ્ટન્ટ ગવર્નર મધુકર પરીખ, સંસ્થાના પ્રમુખ અમીબેન શાહ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના સેક્રટેરી પાર્થ ઠકકરે કર્યું હતું. સંસ્થાના પદાધિકારી રોટે. હાર્દિક પ્રજાપતિએ સંસ્થાના કાયમી પ્રોજેકટ વિશે માહિતી પુરી પાડી હતી. રોટે. કિંજલ ત્રીવેદીએ પ્રાર્થના અને મહેમાનોનો પરિચય આપ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા જગતભાઈ કારાણી, અરવિંદ રાણા, યુવરાજસિંહ વાઘેલા, મનોજ સરૈયા, બી.કે. ચાવડા, યશવંત જોશી, અંકુર પરમાર, અશ્વિન શર્મા, ગૌરાંગ રાવલ, નરેશ પ્રજાપતિ, વિભાબેન ઠકકર, ડાહ્યાભાઈ ભરવાડ, મનોજ પાત્રા, દિપ્તીબેન, વી.એલ. પટેલ, હિરાભાઈ, પુષ્પા મંગલ, ડૉ. નિધી, હસમુખભાઈ, કિશોરભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

## ક્લાઈમેટ ચેન્જના જોખમો સામે ઉકેલ અંગે પીડીઈયુ ખાતે ત્રિદિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાઈ

ગાંધીનગર, તા.૧૬

સતત વધતા જતા પ્રદૂષણના સ્તરને કારણે થઈ રહેલા આબોહવા પરિવર્તનના જોખમના સંદર્ભે હાઈડ્રોજન ઊર્જા આધારિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મહત્વ જેવા વિષયે ગાંધીનગરની પંડિત દિનદયાળ એનર્જી યુનિવર્સિટી ખાતેના ભૌતિક શાસ્ત્ર વિભાગ દ્વારા તાજેતરમાં ત્રણ દિવસની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૯ થી ૧૧ સપ્ટેમ્બર દરમ્યાન યોજાયેલી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ક્લાઈમેટ ચેન્જ જેવા પડકારો સામે સંભવિત ઉકેલોની ચર્ચા કરવામાં આવી હતી. આ કોન્ફરન્સમાં સવાસો જેટલાં યુવા સંશોધનકારો જોડાયાં હતાં અને વિવિધ વિષય તેમના સંશોધન રજુ કર્યા હતાં.

પીડીઈયુ ખાતે યોજાયેલી ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન કન્ડેન્સ્ડ મેટર એન્ડ ડિવાઈસ ફિઝિક્સમાં મુખ્ય અતિથિ વકતા પોલેન્ડના પ્રો.ક્રીઝ્ઝટોફ જાન કુર્ઝિડલોવેસ્કીએ ડાયટોમ્સના ફ્રુચ્યુલ્સની ઉપકરણો માટેની ઉપયોગિતાઓ અંગે ચર્ચા કરી હતી. આ સાથે આઈઆઈટી-મુંબઈ તરફથી પ્રો. શુભા શુક્લાએ નેનો ફોટો ડિવાઈસ ડેવલપમેન્ટ પદ્ધતિઓ પર પ્રકાશ પાડ્યો હતો. જાપાનના પ્રો.તાકાયુકી ઈચિકાવાએ ઊર્જા સંપાત અને સંવેદના માટે ટાઈટેનિયમ આધારિત મટીરિયલ્સ વિશે જ્યારે સિંગાપુરના પ્રો. સમ ત્ઝે ચીને સોલાર સેલ એપ્લિકેશન માટે હેલાઈડ પેરવોસ્કાઈટ મટિરિયલ્સની સમજ આપી હતી. યુએસએના પ્રો. રવીન્દ્ર પાંડે અને ડો.શિહોંગ પેંગે લિથિયમ આયર્ન બેટરી સહિત ઊર્જા સંગ્રહમાં ઉપયોગ માટે ક્વોન્ટમ મિકેનિકલ ગણત્રી પદ્ધતિનો ઉપયોગ કરીને મટીરીયલ્સના સંશોધન અંગે જ્યારે ડેનમાર્કના પ્રો.યોગેન્દ્ર મિશ્રાએ એડવાન્સ ટેક્નોલોજી માટે સ્માર્ટ મટિરિયલના વિકાસ અંગે અને સ્વિડનના ડો.માઈકલ સિવજાર્વીએ યુવા સંશોધનકારોને પર્યાવરણીય મટિરિયલના ક્ષેત્રમાં નવીનીકરણના માર્ગો વિશે સમજ આપી હતી. યુકેના પ્રો.માર્ક ડી. સિમેસે પાણીના વિભાજન આધારિત હાઈડ્રોજન જનરેશન પધ્ધતિ માટે ડીકપલ્ડ ઈલેક્ટ્રોલિસિસ અને ચેન્નઈના પ્રો.સંતોષકુમારે ફ્યુઅલ સેલ્સન વિકાસ અંગે સમજાવ્યું હતું.

## જન્મદિને વધામણી



**નિમિષ વ્યાસ**
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૯૦૯૯ ૪૬૦૬૪



**માધવી નિમિષ વ્યાસ**



**મિત્તલ રાણા**
લાયોનેસ કલબ



**જગદીશભાઈ ડી પટેલ**



**નિશાબેન યોગેશકુમાર આનંદ**
મો. ૯૮૯૮૧ ૧૩૧૩૧



**રાજ આરાધ્યા બા**



**રવિ ચૌહાણ**
મો. ૯૦૩૩૨ ૭૩૬૫૫

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. સુથાર જીગ્નેશકુમાર રમેશભાઈ, ઉ.વ. ૩૮, મુ. પેથાપુર
- સ્વ. બાબો, ઉ.વ. ૦ દિવસ, મુ. દશેલા, તા.જી. ગાંધીનગર
- સ્વ. મનહરજી દેવાજી ઠાકોર, ઉ.વ. ૨૯, મુ. પીંડારડા
- સ્વ. ખેર રમેશજી કિશોરજી, ઉ.વ. ૪૭, મુ. સોજા, તા. માણસા
- સ્વ. લલીતાબેન પરશુરામ પંડ્યા, ઉ.વ. ૭૮, મુ. રાંધેજા
- સ્વ. બેબી, ઉ.વ. ૨ દિવસ, મુ. નાના ઢઢેલી, તા. ફતેપુરા, જી. દાહોદ